**એ.ટી.એસ. અને એસ.ઓ.જી.ની કામગીરી**
**અસરકારક બનાવવા અંગે.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્ર: વિ–૫–એસટીજી–૧૦૨૦૦૮–૪૭૫
સચિવાલય,ગાંધીનગર
તારીખ: 9 JUL 2008

**વંચાણેલીધાઃ–**

(૧) ગૃહ વિભાગના તા.૨૭–૪–૧૯૯૩ના ઠરાવક્રમાંકઃઈએસટી–૧૦૯૨–૧૩૭–સી.
(૨) ગૃહ વિભાગના તા.૪–૫–૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃઈએસટી–૧૦૯૨–૧૩૭–સી.
(૩) ગૃહ વિભાગના તા.૧૨–૫–૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃઈએસટી–૧૦૯૨–૧૩૭–સી.
(૪) ગૃહ વિભાગના તા.૮–૯–૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃઈએસટી–૧૦૯૨–૧૩૭–સી.
(૫) ગૃહ વિભાગના તા.૨૦–૧–૧૯૯૬ના ઠરાવ ક્રમાંકઃમહક–૧૦૯૫–૪૩૧૮–સ.
(૬) ગૃહ વિભાગના તા.૮–૩–૧૯૯૬ના ઠરાવ ક્રમાંકઃમહક–૧૦૯૫–૪૩૧૮–સ.
(૭) ગૃહ વિભાગના તા.૧૭–૯–૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃઆઈપીએસ–૧૦૯૫–૧૬૮૧–બ.
(૮) ગૃહ વિભાગના તા.૧૪–૮–૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃમહક–૧૦૨૦૦૪–૨૬૮૯–સ.
(૯) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીનો તા.૩૧–૩–૨૦૦૮ ના અ.સ.પત્ર ક્રઃઈર–૧૫૩૬–એટીએસ– એસ.ઓ.જી.–૮૬૫–૦૮

**આમુખઃ–**

આ વિભાગના સંદર્ભ–૧ થી ૭ ના ઠરાવથી આતંકવાદી પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવવા માટે આતંકવાદ વિરોધી દળ (એ.ટી.એસ.)ની રચના કરવામાં આવેલી છે. આ આતંકવાદ વિરોધી દળ સમગ્ર રાજયના એકમ તરીકે હાલમાં કાર્યરત છે. રાષ્ટ્રમાં વધતી જતી વિધ્વંશક પ્રવૃતિઓ જેવી કે, આતંકવાદ, રાષ્ટ્રદ્રોહી પ્રવૃતીઓ, જાલીનોટોના ગુન્હા, નારકો ટેરીરીઝમ, ઓર્ગેનાઈઝ ક્રાઈમ, મોટા આર્થિક કૌભાંડો અને રાજય તથા રાષ્ટ્રની આંતરીક સલામતી જોખમાય તેવી બીજી ગુન્હાહીત પ્રવૃતિઓ ઉપર નિયંત્રણ રાખવાની અને ત્વરીત પગલા લેવાની કામગીરી સોંપવામાં આવે છે. આ કામગીરી જિલ્લા સ્તર સુધી અસરકારક રીતે અમલી બનાવવા માટે સરકાર ધ્વારા શહેર તથા જિલ્લા કક્ષાએ સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ–એસ.ઓ.જી.ની રચના ઉકત સંદર્ભઃ૮ ના ઠરાવથી કરવામાં આવેલ છે. હાલમાં એસ.ઓ.જી. શહેરો અને જિલ્લાઓમાં જે તે પોલીસ કમિશનરશ્રી અને પોલીસ અધિક્ષકશ્રીના નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે.

એ.ટી.એસ. અને એસ.ઓ.જી. બંને એકમોની કામગીરી પ્રભાવી અને એકબીજાની પૂરક બને તથા રાજય કક્ષા અને જિલ્લાઓમાં કાર્યરત એસ.ઓ.જી.ના યુનિટોની કામગીરીનું સુપરવિઝન થાય, સંકલનનો અભાવ ન રહે, તે માટે બંને એકમોનું એકત્રીકરણ કરી એકજ નિયંત્રણ હેઠળ મુકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ–**

સરકારશ્રીની પુખ્ત વિચારણના અંતે આતંકવાદ વિરોધી દળ (એ.ટી.એસ.) અને સ્પેશ્યલ ઓપરેશન ગૃપ બંને એકમોને એકજ નિયંત્રણ હેઠળ ગોઠવવાના હેતુસર સ્પેશીયલ ઓપરેશન ગૃપ (એસ.ઓ.જી.)ને એ.ટી.એસ.ના નિયંત્રણ હેઠળ તેમજ એ.ટી.એસ.ને અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટેલીજન્સ) ગાંધીનગરના નિયંત્રણ હેઠળ મુકવાનું ઠરાવવામાં આવે છે. અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ના નિયંત્રણ વહીવટી અને માર્ગદર્શક રહેશે અને એ.ટી.એસ.ના પોલીસ મહાનિરીક્ષક એ.ટી.એસ.ને સોંપેલ કામગીરી સ્વતંત્ર રીતે કરશે.

આતંકવાદ વિરોધી દળ (એ.ટી.એસ.) અને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ બન્ને એકમોને એક જ નિયંત્રણ હેઠળ ગોઠવવામાં આવતા સબંધીત અધિકારીઓએ જે કામગીરી કરવાની થાય છે તેની વિગતો આ સાથેના પત્રક-'ક' માં દર્શાવેલ છે.

➢ **એ.ટી.એસ.નું મહેકમ નીચે મુજબ રહેશે.**

| અ.નં. | જગ્યાઓ | પોલીસ મહાનિરીક્ષક | નાયબ પોલીસ મહાનિરીક્ષક | પોલીસ અધિક્ષક | નાયબ પોલીસ અધિક્ષક | પોલીસ ઈન્સપેકટર | પોલીસ સબ ઈન્સપેકટર | હેડ કોન્સ્ટેબલ | અ.પો.કો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મંજુર મહેકમ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૩ | ૧૨ | ૧૮ | ૨૦ | ૦૬ |

આ મહેકમમાં હે.કો./પો.કો. અને ડ્રાયવર જરૂર પ્રમાણે વધારાના પ્રતિનિયુકિત ઉપર મેળવી શકાશે.

આતંકવાદ વિરોધી દળ (એ.ટી.એસ.)નું સુપરવિઝન પોલિસ મહાનિરીક્ષકશ્રી કરશે અને તેની કામગીરી નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ ભાગોમાં વહેંચી આપવામાં આવશે.

(૧) એડમીનીસ્ટ્રેશન
(૨) ડેટા મેન્ટેનન્સ, રીસર્ચ એન્ડ પ્લાનીગ
(૩) ઈન્ટેલીજન્સ એન્ડ ઓપરેશન્સ

એડમીનીસ્ટ્રેશનની કામગીરી નાયબ પોલીસ અધિક્ષકને સોંપવામાં આવશે. જયારે ડેટા મેન્ટેનન્સ રીસર્ચ એન્ડ પ્લાનીગની કામગીરી તેમજ ઈન્ટેલીજન્સ એન્ડ ઓપેરશનની કામગીરી નાયબ પોલીસ મહાનિર્દેશકશ્રીએ કરવાની રહેશે.

નાયબ પોલીસ મહાનિરીક્ષકની દેખરેખ નીચે એ.ટી.એસ.ની કામગીરી માટે ગુજરાત રાજયને બે ઝોનમાં વહેંચણી કરી તમામ એસ.ઓ.જી.એકમોના નિયંત્રણ માટે ૨ (બે) એ.ટી.એસ. પોલીસ અધિક્ષક રહેશે. પોલીસ અધિક્ષકશ્રીની કામગીરીની વિગતો નીચે પ્રમાણેની રહેશે.

**(૧) પોલીસ અધિક્ષકઃ- ઝોન-૧(ઉતર ગુજરાત):-**
અમદાવાદ શહેર,અમદાવાદ રેન્જ,ગાંધીનગર રેન્જ,બોર્ડર રેન્જ,

**(૨) પોલીસ અધિક્ષકઃ-ઝોન-૨(દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર):-**
વડોદરા શહેર,વડોદરા રેન્જ,સુરત શહેર,સુરત રેન્જ,રાજકોટ શહેર, રાજકોટ રેન્જ તથા જુનાગઢ રેન્જ

➢ **એ.ટી.એસ. ઝોનલ પોલીસ અધિક્ષકની કામગીરીઃ-**

આ બે પોલીસ અધિક્ષકો ઈન્ટેલીજન્સ અને ઓપરેશન્સની કામગીરી જોશે અને તેમના ઝોન વિસ્તારમાં આવતા જિલ્લા અને કમિશનરરેટ એસ.ઓ.જી.ની કામગીરીનું સુપરવિઝન, એ.ટી.એસ. સાથે સંકલન અને માર્ગદર્શન પુરું પાડશે. સાથે સાથે એસ.ઓ.જી.ની પ્રભાવકતા અને કાર્યક્ષમતામાં ઉતરોતર વધારો થાય તે માટે કામગીરી કરશે. એ.ટી.એસ.ના વડા પરિસ્થિતિ પ્રમાણે જે કામગીરી સોંપે તે કરવાની રહેશે.

➢ **એસ.ઓ.જી.ની ફરજો નીચે મુજબ રહેશે :-**

(૧) આતંકવાદી સંસ્થાઓ સાથે સંબધ ધરાવતાં અથવા તેમની સાથે સહાનુભુતિ ધરાવતા માણસો ઉપર નજર રાખવી તેમજ તેના માટે જે તે વિસ્તારની રૂઢિચુસ્ત સંસ્થાઓની પ્રવૃતિઓ ઉપર નજર રાખવી.

(૨) સાયબરકાફેમાં ઈન્ટરનેટથી સંદેશાની આપ-લે માટે આવતા માણસોની વિગત નોંધવા માટે એક રજીસ્ટર બિનચુકે રખાવવાની તજવીજ કરવી. તેના માટે જરૂર પડે તો પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી હુકમો બહાર પાડવા

(૩) આતંકવાદીઓ ભાડાના મકાનમાં રહેવાનું વધારે પસંદ કરે છે જેથી મકાન લે વેચનું કામ કરતાં એજન્ટ / બ્રોકરોને તેને જે મકાન અપાવવાના હોય તેની વિગતો સબંધીત પોલીસ સ્ટેશનમાં ઉપલબ્ધ કરાવવા માટે પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકે જરૂરી હુકમો કરવા આવી વ્યવસ્થા મુંબઈ શહેરમાં અસ્તિત્વમાં છે.

(૪) ગેસ્ટહાઉસ, લોજમાં રાખવામાં આવતા ગેસ્ટ રજીસ્ટર નિયમિત રીતે તપાસવા.

(૫) શંકમંદ ટેલીફોન નંબરો ઓળખી તેના ઉપર નજર રાખવી અને ટેલીફોન ઈન્ટરશેપ્સનની વ્યવસ્થા અસરકારક કરવી.

(૬) શકમંદ માણસો તેમજ સોર્સને પુછપરછ કરવા " સૈફ હાઉસ" ની વ્યવસ્થા કરવી.

(૭) આઈ.ઈ.ડી.બનાવવા માટે સ્થાનિક ઉપલબ્ધ સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરતા હોય આવા સ્ફોટક પદાર્થો વહેચનારાઓની ઉપર નજર રાખવી અને તેના લાયસન્સની ઘનિષ્ટ તપાસ કરવી.

(૮) શંકાસ્પદ સંસ્થાઓ, હોટલો તથા ઢાબા વિગેરેની યાદી બનાવવી અને તેની પ્રવૃતિઓ ઉપર નજર રાખવી તેમજ તે જગ્યા ઉપર કેવા માણસો અવર જવર કરે છે તેની નોંધ રાખવી.

(૯) શકદાર ટ્રાવેલ એજન્ટો ઉપર નજર રાખવી અને આવા ટ્રાવેલ ધ્વારા પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક, સાઉદી અરેબીયા વિગેરે દેશોમાં જતા આવતાં માણસોની યાદી તૈયાર કરવી અને જરૂર પ્રમાણે પગલાં લેવા.

(૧૦) આવી જ રીતે શંકાસ્પદ આંતરરાષ્ટ્રીય ફેકસ ટેલીફોન કરતાં એસ.ટી.ડી./પી.સી.ઓ. ની યાદી બનાવવી અને ત્યાં કામ કરતાં ઓપરેટર અને ગ્રાહકો ધ્વારા હવાલાના ધંધા અથવા આતંકવાદીઓ સાથે ના સંપર્કની માહીતી મેળવશે અને જરૂરી કાર્યવાહી કરશે.

(૧૧) આંગડીયાઓની યાદી બનાવવી મુંબઈ તથા અન્ય શહેરો તેમજ બહારના દેશો સાથેના તેમના સબંધો ઉપર નજર રાખવી અને હવાલા ધ્વારા પૈસાની લેવડ દેવડ અથવા આતંકવાદીઓ સાથે સબંધ રાખતાં હોય તો જરૂરી પગલાં લેવા.

(૧૨) દેશ વિરુધ્ધ કામ કરતાં માણસોની ફોટા વિગેરે વિગતોની ડેટા બેન્ક તૈયાર કરવી.

(૧૩) દેશ વિરુધ્ધ વ્યુહરચનાની સાકાર માટે પાકિસ્તાન સ્થિત આઈ.એસ.આઈ. એ પત્રિકા,મેગેઝીન અને ઈલેકટ્રોનીક માધ્યમથી કોઈ પ્રવૃતિ કરતાં જણાય તો સખ્ત પગલાં લેવા.

(૧૪) ચાર્ટડ એકાઉન્ટન્ટ/ઈન્કમટેક્ષ/સ્ટોકએક્ષ્ચેંજના બ્રોકરો તથા જમીન મિલ્કતની લે–વેચ કરતાં એજન્ટો સાથે નજીકના સબંધો રાખી નાણાકીય પ્રવૃતિઓમાં સંડોવાયેલા મોટા માથાઓ ઉપર ચાંપતી નજર રાખવી.

(૧૫) કાળજી પુર્વક પસંદ કરેલ ટપાલની ઈન્ટરશેપ્સન કરી જરૂરી પગલા લેવા.

(૧૬) સારા સોર્સ ઉભા કરવા અને કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃતિને નિષ્ક્રીય બનાવવી.

ઉપરોક્ત જણાવેલ ફરજો ઉપરાંત એ.ટી.એસ.ના વડા પોલિસ મહાનિરીક્ષક/નાયબ પોલીસ મહાનિરીક્ષક તરફથી પરિસ્થિતિ મુજબ જે જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

➢ **<u>પોલીસ કમિશ્નરરેટ અને જિલ્લા સ્તરનું એસ.ઓ.જી.નું મહેકમ નીચે મુજબ રહેશે:–</u>**

**રાજયના ૪ મોટા શહેરો/કમિશ્નરેટ માટે**

| અ.નં. | શહેરનું નામ | નાયબ પોલીસ કમિશ્નર | મદદનીશ પોલીસ કમિશ્નર | પો.ઈ. | પો.સ.ઈ. | હે.કો. | પો.કો. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | — | ૦૧ | ૦૪ | ૧૦ | ૨૦ | ૫૦ | ૮૫ |
| ૨ | સુરત શહેર | — | — | ૦૩ | ૦૪ | ૧૫ | ૩૫ | ૫૭ |
| ૩ | રાજકોટ શહેર | — | — | ૦૧ | ૦૨ | ૦૫ | ૧૦ | ૧૮ |
| ૪ | વડોદરા શહેર | — | — | ૦૨ | ૦૪ | ૧૦ | ૨૫ | ૪૧ |
| | કુલ | — | ૧ | ૧૦ | ૨૦ | ૫૦ | ૧૨૦ | ૨૦૧ |

## રાજયના જિલ્લાઓ માટે

| અ.નં. | જિલ્લાનું નામ | પો.ઈ. | પો.સ.ઈ. | હે.કો. | પો.કો. | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨ | ૨ | ૬ | ૧૫ | ૨૫ |
| ૨ | મહેસાણા | ૧ | ૨ | ૫ | ૧૦ | ૧૮ |
| ૩ | વલસાડ | ૧ | ૨ | ૫ | ૧૦ | ૧૮ |
| ૪ | ભરૂચ | ૨ | ૨ | ૬ | ૧૫ | ૨૫ |
| ૫ | ભાવનગર | ૧ | ૨ | ૪ | ૧૨ | ૧૯ |
| ૬ | કચ્છ—ભુજ | ૨ | ૩ | ૬ | ૨૦ | ૩૧ |
| ૭ | જુનાગઢ | ૧ | ૨ | ૪ | ૧૦ | ૧૭ |
| ૮ | જામનગર | ૧ | ૨ | ૫ | ૧૫ | ૨૩ |
| ૯ | આણંદ | ૧ | ૨ | ૪ | ૧૦ | ૧૭ |
| ૧૦ | રાજકોટ રૂરલ | ૧ | ૨ | ૫ | ૧૦ | ૧૮ |
| ૧૧ | પાટણ | ૧ | ૨ | ૪ | ૧૦ | ૧૭ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧ | ૨ | ૫ | ૧૦ | ૧૮ |
| ૧૩ | અમદાવાદ રૂરલ | ૧ | ૨ | ૪ | ૧૦ | ૧૭ |
| ૧૪ | પંચમહાલ | ૧ | ૨ | ૫ | ૧૨ | ૨૦ |
| ૧૫ | બનાસકાંઠા | ૧ | ૨ | ૫ | ૧૨ | ૨૦ |
| ૧૬ | અમરેલી | — | ૧ | ૩ | ૦૮ | ૧૨ |
| ૧૭ | ખેડા | ૧ | ૧ | ૪ | ૦૮ | ૧૪ |
| ૧૮ | દાહોદ | ૧ | ૧ | ૩ | ૧૦ | ૧૫ |
| ૧૯ | ડાંગ | — | ૧ | ૨ | ૦૮ | ૧૧ |
| ૨૦ | નવસારી | ૧ | ૧ | ૩ | ૧૦ | ૧૫ |
| ૨૧ | પોરબંદર | ૧ | ૧ | ૫ | ૧૦ | ૧૭ |
| ૨૨ | નર્મદા | — | ૧ | ૨ | ૦૮ | ૧૧ |
| ૨૩ | સાબરકાંઠા | ૧ | ૧ | ૨ | ૧૦ | ૧૪ |
| ૨૪ | તાપી | — | ૧ | ૨ | ૦૮ | ૧૧ |
| ૨૫ | વડોદરા રૂરલ | ૧ | ૧ | ૪ | ૧૦ | ૧૬ |
| ૨૬ | સુરત રૂરલ | ૧ | ૨ | ૪ | ૧૦ | ૧૭ |
| | કુલ | ૨૫ | ૪૩ | ૧૦૭ | ૨૮૧ | ૪૫૬ |

**(અ)** રાજયમાં એસ.ઓ.જી.ના તમામ યુનિટો એ.ટી.એસ.ના કાર્યકારી નિયંત્રણ હેઠળ રહેશે. જયારે વહીવટી રીતે સ્થાનીક પોલિસ કમિશ્નરશ્રી / પોલિસ અધિક્ષકશ્રીના નીચે રહેશે. એસ.ઓ.જી.ના સ્ટાફને તેમના વિસ્તારમાં ઉપર જણાવેલ કામગીરી પોલીસ કમિશ્નરશ્રી અને પોલીસ અધિક્ષકશ્રી સોંપી શકશે. પરંતુ એ.ટી.એસ. તરફથી સોંપાયેલ કામગીરીને પ્રાધાન્ય અને અગ્રતા આપવાની રહેશે.

**(બ)** એસ.ઓ.જી.માં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલો સબંધિત પોલીસ અધિક્ષકશ્રી / પોલીસ કમિશ્નરશ્રી જે નાયબ પોલીસ કમિશ્નરશ્રીને કામગીરી સોંપે તેઓએ રીપોર્ટીંગની કામગીરી કરવાની રહેશે. આ તમામ ખાનગી અહેવાલો એ.ટી.એસ.ના વડા પોલીસ મહાનિરીક્ષક / નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીએ રીવ્યુ કરવાના રહેશે.


ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
**ઉપસચિવ,**
**ગૃહ વિભાગ.**

પ્રતિ,
—માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી
—માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી
—પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
—અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(ઈન્ટેલીજન્સ) ગુજરાત રાજય, ગાંધીનગર
—અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(સીઆઈડી ક્રાઈમ્સ અને રેલ્વે) ગુજરાત રાજય, ગાંધીનગર
—અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી( તાલીમ) ગુજરાત રાજય, ગાંધીનગર
—પોલિસ મહાનિરીક્ષકશ્રી, એન્ટી ટેરરીસ્ટ સ્કાવોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ
—તમામ પોલીસ કમિશ્નરશ્રી
—તમામ રેન્જ નાયબ પોલીસ કમિશ્નરશ્રી
—તમામ પોલીસ અધિક્ષકશ્રી
—પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
—એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
—સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
—સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
—સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ
—સેકશન અધિકારીશ્રી,આઈ.ટી.સેલ, ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર હુકમ મુકવાની વિનંતી સાથે
—શાખા સિલેકટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

# પત્રક - ક

## એ.ટી.એસ.અને એસ.ઓ.જી.નું એકીકૃત માળખુ નીચે પ્રમાણે રહેશે.



# એ.ટી.એસ.અને એસ.ઓ.જી.નું એકીકૃત માળખુ નીચે પ્રમાણે રહેશે.

અ. પો. મહાનિદેશક ઇન્ટે.

પો. મહાનિ એ. ટી. એસ.
સંપૂર્ણ દેખરેખ
ખાસ શાખા પોઇ-૧ & પોસઇ-૨

નાપોઅધિ વહીવટ
& દેખરેખ
પોઇ -1 & પોસઇ-1

ના. પો. મહાનિ એટીએસ
અભ્યાસ & આયોજન /
રેકર્ડ & ડેટા/ ટ્રેનિંગ
પોઇ -2 & પોસઇ-4

નાપોઅધિ (મુમ) ઇન્ટે
& ઓપરેશન્સ / કન્ટ્રોલ
રુમ ચેતક
કમાન્ડો,
પોઇ -2 & પોસઇ-6

નાપોઅધિ ગુપ્ત વૉચ
તક્નીકી
& પોસ્ટે
પોઇ -6 & પોસઇ-3

પોઅધિ,અ'વાદ,ઉ. ગુજરાત,સરહદી રેન્જ વિભાગ
ગુપ્ત વૉચ & ઓપરેશન્સ
નાપોઅધિ-1 પોસઇ-1

પોઅધિ,અ'વાદ,દ. ગુજરાત સૌરાષ્ટ્ર
વિભાગ
ગુપ્ત વૉચ & ઓપરેશન્સ
નાપોઅધિ-1 પોસઇ-1

**એસઓજી**
અ'વાદ શહેર
અ'વાદ રેન્જ

**એસઓજી**
સા'કાંઠા
ગાંધીનગર
મહેસાણા

**એસઓજી**
કચ્છ
પાટણ
બનાસકાંઠા

**એસઓજી**
રાજકોટ શહેર
રાજકોટ રેન્જ
જનાગઢ રેન્જ

**એસઓજી**
વડોદરા શહેર
વડોદરા રેન્જ

**એસઓજી**
સુરત શહેર
સુરત રેન્જ